# બાયડ તાલુકા કોંગ્રેસ આઈ.ટી. સેલનો વર્કશોપ યોજાયો






બાયડ, તા. ૧૪

આજના આ આધુનીક યુગ માં ઈન્ફમેશન ટેકનોલોજી દીવસે ને દીવસો આગળ વધી રહી છે આવનારો સમય એ ઈન્ફમેશન ટેકનોલોજી નો યુગ ગણાશે ત્યારે આ યુગ સાથે કદમ મીલાવવા કોગ્રેસ પક્ષે આઈ.ટી.સેલ ની રચના કરી પોતાના પ્રચાર ને હાઈટેક બનાવ્યો છે. ત્યારે હાલમાં ઈન્ટરનેટ ફેસબુક ટવીટર એ ઓરકુટ જેવી સોસીયલ સાઈટ ના માધ્યમથી જોરદાર પ્રચાર પ્રસાર માધ્યમ ની શરૂઆત કરી છે. તેના માધ્યમ ના ભાગરુપે કોગ્રેસ ના આઈ.ટી.સેલ દ્વારા બાયડ તાલુકા આઈ.ટી.સેલ નો એક વર્કશોપ ગુજરાત પ્રદેશ કોગ્રેસ આઈ.ટી.સેલ ના મહામંત્રી અભીશાહ સાબરકાંઠા જીલ્લા ના આઈ.ટી.સેલ ના પ્રમુખ ભાવીક જોષી ઉપપ્રમુખ સમીર બલોચ અને જીગ્નેશ ચૌહાણ ના માર્ગદેશન હેઠળ બાયડ તાલુકા માં આઈ.ટી.સેલ કોગ્રેસ નો એ વર્કશોપ યોજાયો હતો જેમાં આઈ.ટી.સેલ ના પ્રમુખ ભાવીક ભાઈ એ યુવાન કાર્યકરો ને આઈ.ટી.સેલ વીશે વીસ્તૃત માહીતી પુરી પાડી હતી જયારે પ્રદેશ મહામંત્રી અભીશાહે આ સોશીયલ સાઈટોનો ઉપરયોગ કરી કોગ્રેસ પક્ષ ના પ્રચાર ને કઈ રીતે હાઈટેક બનાવી શકાય તે વીશે માહીતી આપી હતી આ પ્રસંગે બાયડ તાલુકા પ્રમુખ અદેસીંહ ચૌહાણ બાયડ શહેર પ્રમુખ દીનુભાઈ પટેલ બાયડતાલુકા લઘુમતી સમાજ પ્રમુખ સમીરભાઈ વકીલ તેમજ કોગ્રેસી આગેવાન મણીભાઈ પટેલ કીરીટભાઈ વકીલ તાલુકા પંચાયત સદસ્ય માનવેન્દ્રસીંહ સોલંકી તેમજ મોટી સંખ્યામાં આઈ.ટી.સેલ ના હોદેદારો ઉપસ્થીત રહયા હતા ત્યારે આ સમગ્ર કાર્યક્ર મ નુ આયોજન બાયડ તાલુકા પ્રમુખ સાહીલ બલોચ ઉપપ્રમુખ રાહીલ મીરઝાં મહામંત્રી મોહીન મીરઝાં રમીઝ મલેક ઈમરાન પીરા સાઠંબા યુથ કોગ્રેસ ના નેતા વીરેન પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતુ અને મોટી સંખ્યામાં આઈ.ટી.સેલ ના હોદ્દેદારો ઉપસ્થીત રહયા હતા.

(તસ્વીર-અહેવાલ : સમીર બલોચ બાયડ)

# ખેડબ્રહ્મા કોલેજ ખાતે ગાંધીકથાનો મંગલ પ્રારંભ

લક્ષ્મીપુરા, તા. ૧૪

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા માર્ગ ઉપર આવેલ અને અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ ખાતે અનોખી ગાંધી કથાનું આયોજન થઈ રહ્યુ છે જેનુ રસપાન ગૂજરાત વિદ્યાપીઠના કુલગુરૂ અને ગાંધીવાદી પૂજ્ય નારાયણ દેસાઈ કરાવશે.

ખેડબ્રહ્મા તાલુકામાં સૌપ્રથમ વાર આવી પ્રેરણારૂપ ગાંધીકથાનું આયોજન થઈ રહ્યું છે. જેમાં ગાંધીજીના વિચાર, સત્ય અહિંસા સાદગી અને સદાચાર રાજકીય, લોકસંપર્ક જેવી અનેક શાશ્વત મુલ્યોનું રસપાન કરાવવામાં આવી રહ્યું છે. આ કથાના પ્રારંભે શાળાના બાળકો દ્વારા વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અને આ ગાંધીકથામાં ગ્રામજનોને પધારવા સંચાલકોએ અનુરોધ કર્યો છે.

# સાબરકાંઠા જિલ્લામાંથી એકની બદલી અને ચાર નવા પીઆઈ નિમાયા

હિંમતનગર, તા.૧૪

રાજય સરકાર દ્વારા શુક્રવારની સાંજે રાજયમાં ૧૭૮ પીઆઈની જિલ્લા ફેર બદલી કરવાના હુકમ કર્યા હતા તે સંદર્ભે સાબરકાંઠા જિલ્લાના મોડાસા ટાઉન પોલીસ મથકે ફરજ બજાવતા પી.આઈ. કે.જે.ચૌધરીની બદલી પંચમહાલ જિલ્લામાં કરવામાં આવી હતી. જયારે અમદાવાદના ત્રણ અને ભાવનગરથી એક મળી ચાર પી.આઈ.ની સાબરકાંઠા જિલ્લામાં એમ.ડી. ઉપાધ્યાય (અમદાવાદ સીટી), ડી.એલ. દેસાઈ (એટીએસ), પી.કે. પટેલ (સી.આઈ.ડી. ક્રાઈમ) અને ભાવનગરથી પી.ડી. પરમાર ચારની બદલી કરવામાં આવી હતી.

# હિંમતનગરના વકતાપુર ગામે એસટીડી ધારક વિરુધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૧૪

સાબરકાંઠા જિલ્લામાં એસ.ટી.ડી. ધારકો નવા અને જુના મોબાઈલની લે-વેચ કરતા વેપારીઓ, સાયબર કાફે ચલાવનારાઓ, હોટલ અને ગેસ્ટ હાઉસના માલિકોએ એક રજીસ્ટર રાખવું અને લે-વેચ ફોન કરનાર, નેટ સર્ફિંગ હોટલમાં રોકાવનાર વિષેનું આઈડી પ્રૂફ ચકાસી તેની નોંધ રાખવાની જાણ કરવામાં આવી છે ત્યારે જાહેરનામાનો ભંગ બદલ માલિકો વિરુધ્ધ કલમ-૧૮૮ મુજબ પોલીસ ફરિયાદ કરવામાં આવે છે. દરમિયાન શનિવારના રોજ એસ.ઓ.જી. શાખાના પી.આઈ. એસ.એમ. પટેલની સુચનાથી સ્ટાફના દલજીતસિંહ રાઠોડ એ હિંમતનગર તાલુકાના વકતાપુર ગામમાં એસ.ટી.ડી. ચલાવતા ઈકબાલભાઈ વલીભાઈ મેમણને ત્યાં તપાસ કરતા રજીસ્ટર હતું જ નહિ તેથી જાહેરનામાના ભંગ બદલ તેમના વિરુધ્ધ હિંમતનગર રૂરલ પોલીસ મથકે દલજીતસિંહ રાઠોડ એ ફરિયાદ નોંધાવતા પોલીસ ૧૮૮ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



બનાસકાંઠા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાની બેઠક કાંકરેજ તાલુકાના તાણા ગામે યોજાઈ હતી. જેમાં રાધનપુરના ધારાસભ્ય તેમજ પ્રદેશ ભાજપ મહામંત્રી શંકરભાઈ ચૌધરી, ધારાસભ્ય અનિલભાઈ માળી, લીલાધર વાઘેલા, ગોવિંદભાઈ પ્રજાપતિ, ધારાસભ્ય મગનસિંહ વાઘેલા તેમજ બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ કે.એસ. મોગરા, જિલ્લાના બક્ષીપંચ મોરચાના કરશનભાઈ વાઘેલા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ભારતીબેન સોની, ગોદાવરીબેન ત્રિવેદી, ગુજરાત ગોપાલક નિગમના ચેરમેન સંજય દેસાઈ તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : રામજીભાઈ રાયગોર, શિહોરી)

# ડીસામાં તેરાપંથી યુવક પરિષદ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ડીસા, તા. ૧૪

અખિલ ભારતી તેરાપંથ યુવક પરિષદના નિર્દેશનુસાર આચાર્ય મહાશ્રમણજીના આશિર્વાદ તેરાપંથ યુવક પરિષદ ડીસા દ્વારા જય તુલસી પ્રાથમિક માધ્યમિક શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં યુવક પરિષદના અધ્યક્ષ રાકેશભાઈ બોરદિયા, મંત્રી દિલિપભાઈ બણવટ, જય તુલસી શાળાના આચાર્ય જીતુભાઈ તથા મુકેશભાઈ મોઢ તેમજ તે.યુ.પ.ના ઉપાધ્યક્ષ વિમલભાઈ બોરદિયા, ખજાનચી મુકેશભાઈ મહેતા, ઉપાધ્યક્ષ અનિલભાઈ મહેતા, સહમંત્રી અમરસિંગ સેખાની અને કારોબારીના સભ્યો દિનેશકુમાર ચંડાલિયા, અંકિત બોરદીયા, અનિલભાઈ બોરદિયા, સુનિલ બોરદિયા, આશિષ છાજેટ વગેરે કાર્યકર્તાઓ તથા શાળા સ્ટાફગણ અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રાકેશભાઈ બોરદિયા, આશિષભાઈ છાજેડ, અનિલભાઈ મહેતા અને રવિભાઈ અગ્રવાલે જહેમત ઉઠાવી હતી.

તા. ૧૭-૬-૧૨ના રોજ તેરાપંથ યુવક પરિષદની જનરલ મીટીંગ આચાર્ય મહાશ્રમણજીના વિદુષી શિષ્યા સાધ્વી કાવ્યાલતાજી ઠાણા-૪ના સાનિધ્યમાં મીટીંગ મળેલ અને સર્વ સંમતિથી ચુનાવ નહી પણ મનાવ પદ્ધતિથી યુવક પરિષદની નવિન કાર્યકારિણીની રચના કરવામાં આવી હતી.

# કાંટ ગામમાં શિક્ષક વિવાદ પ્રકરણમાં નાયબ કલેકટર સહિતના અધિકારીઓએ તપાસ હાથ ધરી

ડીસા, તા.૧૪

ડીસા તાલુકાના કાંટ ગામે આવેલ પ્રાથમિક શાળામાં છેલ્લા કેટલાક સમયથી શિક્ષકો વચ્ચે શાળામાં સમય સર આવવા બાબતનો વિવાદ ચાલતો હતો જે વિવાદ વકરતા શાળાના શૈક્ષણિક કાર્યમાં વિક્ષેપ ઉભો થયો હતો અને બાળકોના શિક્ષણને અસર પહોંચતા આ ગામના સરપંચ સહિતના આગેવાનો અને વાલીઓએ દરમિયાનગીરી કરી શાળા શિક્ષકગણને વાદ વિવાદ છોડી બાળકોના ઉજજવળ ભવિષ્ય માટે માત્ર શૈક્ષણિક કાર્ય પર ધ્યાન રાખવા શિક્ષક ગણને અપીલ કરી સમજાવ્યા હતા. જો કે આ બાબતે તે બાદ ભારે હોબાળો થયો હતો અને આ મામલે આજ રોજ રજુઆતો થતા નાયબ કલેકટર ડીસા તેમજ બિટ કેળવણી નિરીક્ષક અને તેમની ટીમે શાળાએ જઈ તપાસ હાથ ધરતા ગામમાં ચકચાર ફેલાયો હતો.

ડીસા તાલુકાના કાંટ ગામે આવેલ કાંટ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા એક મહિલા શિક્ષિકા અને એક શિક્ષક દંપતિ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી શાળામાં તકરાર ચાલતી હતી. આ તકરારથી ધોરણ એક થી આઠમાં અભ્યાસ કરતા ૫૪૮ બાળકો અને અન્ય અગિયાર શિક્ષકો પર તેની વિપીત અસર ઉભી થઈ હતી. અને શાળા શિક્ષણ કાર્યની જગ્યાએ તકરાર ભુમિ બનતા આ ગામના આગેવાનો, સરપંચ અને ગ્રામ્યજનોએ સ્કુલમાં પહોંચી તકરાર કરતા શિક્ષિકા મંજુલાબેન પટેલ તેમજ શિક્ષક દંપતી કમલેશભાઈ પટેલ અને તેમની પત્ની હંસાબેન પટેલને સમજાવવા પ્રયત્નો હાથ ધર્યા હતા. આગેવાનોએ ત્રણ શિક્ષકોની તકરારમાં શાળામાં ભણતા ૫૪૮ બાળકોના ભવિષ્ય વિશે ગંભીરતાથી વિચારી યોગ્ય પગલા ભરવા ઉચ્ચ સ્તરીય રજુઆતો કરી હતી.

ટયૂકડી જાહેર ખબર

**અટળક નાણાં કમાઓ**

વિદ્યાર્થી, ગૃહિણી, રીટાયર્ડ, અભણ, દિવસના ૨/૪ કલાક કામ કરીને ૭ દિવસના રૂ. ૬૦,૦૦૦/- સુધી કમાઓ

મો. : ૯૦૩૩૨૩૨૧૬૩

(અમૂલ્ય તક ૧૦૦%)

**લગ્ન વિષયક**

કોમ્પ્યુટર એન્જિનિયર-૧૯૮૪, મલ્ટી નેશનલ કંપની - અમદાવાદ - ગાંધીનગર - વડોદરા બેઝ ઉચ્ચ શિક્ષિત સમકક્ષ બ્રાહ્મણ યુવતી આવકાર્ય

સંપર્ક : ૯૯૯૮૦ ૯૭૭૩૨

**બંગલો વેચવાનો છે**

3 BHK કોર્નર બંગલો - બે માળ, સરગાસણ ચોકડી (હડમતીયા) પ્લોટ એરિયા ૧૯૦ વાર, બાંધકામ-૨૨૨ વાર, શ્રીરંગ પાર્ક સોસાયટી, પ્લોટ નં. ૧૬૪

મો. : ૯૮૭૯૯ ૭૮૯૯૮

# ડીસામાં ચાર દીકરીઓએ જનેતાને કાંધ આપી દીકરાનો ધર્મ બજાવ્યો



ડિસા, તા. ૧૪

એક સમયે જન્મતાની સાથે જ દીકરીને દૂધ પીતી કરવાના ક્રૂર રિવાજના નામે ખતમ કરવામાં આવતી હતી પરંતુ સમયે સમયે થયેલા સુધારકોએ પોતાનું જીવન સ્ત્રીઓને સોંપી દઈ સ્ત્રી સમાજ માટે ક્રાંતિકારી સુધારા કરવામાં સફળતા મેળવી છે. દીકરીને દૂધ પીતી કરવાના અને સતી થવાના રિવાજને નેસ્ત નાબુદ કરવાનો શ્રેય બંગાળના પ્રખર સમાજ સુધારક રાજારામ મોહનરાયને મળે છે. આજે તો આ રીવાજો માત્ર કલ્પના અને ભુતકાળની વાતો બની ગયા છે ત્યારે આજે પણ માણસનું મોત થાય ત્યારે તેને કાંધ અને અગ્નિદાહ દીકરો આપે તેવો આગ્રહ રાખવામાં આવે છે. પરંતુ ડીસા શહેરમાં ચાર દીકરીઓએ પોતાની સદ્ગત માતાને અંતિમ વેળાએ કાંધ આપી સમાજની વર્ષોની રૂઢીને તોડી તમામ દીકરીઓ માટે નવો ચીલો ચાતર્યો છે.

ડીસામાં રાજમંદિર ટોકીઝ પાછળ આવેલ અંબિકાનગરમાં રહેતા મધુબેન પૂનમચંદ મોદીનું ૭૦ વર્ષની જૈફ વયે અવસાન થયું હતું. તેમને સંતાનમાં દીકરો ન હતો. પરંતુ ચાર દીકરીઓ હતી ત્યારે સદગત મધુબેન મોદીની અંતિમયાત્રા દરમ્યાન દીકરી નિતાબેન, ઈન્દીરાબેન, રેખાબેન અને સોનલબેને કાંધ આપી દિકરાનો ધર્મ નિભાવ્યો હતો. ડીસા સ્મશાનગૃહ ખાતે ચારેય દીકરીઓએ મધુબેનને અગ્નિદાહ પણ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે ડીસામાં થોડા સમય પહેલા પણ ત્રણ દીકરીઓએ મૃત માતાને કાંધ આપી અગ્નિદાહ આપ્યો હતો. જે ધીરે ધીરે દીકરા અને દીકરી વચ્ચે ભૂંસાઈ રહેલા ભેદની પ્રતિતિ કરાવે છે.

# ડીસામાં વિદેશી દારૂ અને બિયરની ૯૮ બોટલો સાથે સેન્ટ્રો કાર ઝડપાઈ

ડીસા, તા.૧૪

ગુજરાતમાં દારૂબંધીનો કાયદો હોવા છતાં કેટલાક શખ્સો ગુજરાતમાં પરપ્રાંતીય વિદેશી દારૂનું વેચાણ કરતા હોય છે. જેમાં પાલનપુર એલ.સી.બી. અને ડીસા ડી. સ્ટાફ પોલીસે રેડ કરતા બંને જગ્યાએથી અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારૂ ઝડપાયો હતો.

ડીસાના શ્યામ બંગ્લોઝમાં રહેતા ગોવિંદભાઈ રાણાજી બ્રાહ્મણ પોતાના રહેણાંક ઘરમાંથી ગેરકાયેદસર વિદેશી દારૂ વેચતો હોવાની બાતમીના આધારે પોલીસે રેડ કરતા ગોવિંદભાઈ રાણાજી બ્રાહ્મણના ઘરમાંથી બીયર ટીન નંગ-૭૨ જેની કિંમત બોતેરસો તેમજ ઈંગ્લીશ દારૂ બોટલ ટીન-૨૪ નંગ જેની કિંમત બોતેરસો તેમજ સેન્ટ્રો કારની કિંમત દોઢ લાખ ગણી કુલ કિંમત રૂપિયા એક લાખ ચોસઠ હજાર ચારસોનો મુદામાલ કબજે કર્યો હતો. તેમજ જયંતનગર વિસ્તારમાં રહેતા શૈલેષકુમાર ઈશ્વરલાલ માળીના ઘરમાંથી ૧૨ નંગ બિયરના ટીન અને ૧૪ નંગ ઈંગ્લીશ દારૂની બોટલ મળી આવી હતી. જેની કિંમત સાત હજાર બસ્સો પચાસ રૂપિયાનો મુદામાલ ડિસા પોલીસે કબ્જે કર્યો છે. આ કેસની વધુ તપાસ પી.એસ.આઈ. એન.કે. મોદી કરી રહ્યા છે.

## ટૂંકી મુદતની જાહેર નિવિદા

નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગાંધીનગરની કચેરી દ્વારા થતી રોજબરોજની કામગીરી માટે ઝેરોક્ષ અને સ્પાયરલ બાઈન્ડીંગના કામો માટે વાર્ષિક ભાવ કરાર કરવાના હેતુસર, રસ ધરાવતી ઈચ્છુક પાર્ટીઓ / સંસ્થાઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેનું નિયત ટેન્ડર ફોર્મ તા. ૨૩/૭/૨૦૧૨ સુધીમાં અત્રેની વહીવટી અધિકારી, નેશનલ રૂરલ હેલ્થ મિશન, સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગવર્નમેન્ટ ડીસ્પેન્સરી, સેકટર-૫/સી, ગાંધીનગરની કચેરીએથી કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ કલાકે થી ૪-૦૦ કલાક દરમિયાન અરજી સાથે "**આર.સી.એચ. પ્રોગ્રામ સબ કમીટી, સ્ટેટ હેલ્થ સોસાયટી**"ના નામનો રૂ. ૫૦૦/- (રૂપિયા પાંચસો પૂરા)નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે. ભરેલા ભાવપત્રકો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી તા. ૩/૮/૨૦૧૨ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક સુધીમાં મળે તે રીતે ઉપરોક્ત સરનામે મોલવી આપવાના રહેશે.

**સહી/-**
**સભ્ય સચિવ (સ્ટેટ હેલ્થ સોસાયટી) અને**
**અધિક નિયામક (આરોગ્ય)**
**માહિતી/૮૩૬/૧૨-૧૩** **ગાંધીનગર**

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન